આરબીઆઈ/2004/19

ડી સી એમ (એન ઇ). નં. 310/08.07.18/2003-04

જાન્યુઆરી 19, 2004

એસબીઆઈના ચેરમેન અને
દરેક કરન્સી ચેસ્ટ મેન્ટેનિંગ શાખાઓના ચેરમેન તથા
મેનેજિંગ ડિરેક્ટર્સ

સાહેબશ્રી,

**નોટ, સિક્કા વગેરે બદલવા માટેની લોકોને સુવિધા આપવા અંગે.**

તમને જાણ છે તેમ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા જાહેર જનતાને ચલણી નોટ અને સિક્કાઓનું વિતરણ તથા બદલી આપવા માટે છૂટક સેવા આપે છે. અમારીરિજયોનલ ઓફિસો નવી / સારી નોટો અને સિક્કાઓ, દરેક રકમના બહાર પાડે છે અને તે જૂની, ફાટેલી, ખરાબ નોટના બદલે વહેંચાય છે. આ સેવાનો વ્યાપ વધારવા હેતુસર અમે મોટી સંખ્યામાં ચલણી સાંકળ અને નાના સિક્કા ડેપો ખોલવાની મંજૂરી જાહેર ક્ષેત્રની બેન્કો, ખાનગી ક્ષેત્રની બેન્કોને તથા અનેય બેન્કીકરન્સી ચેસ્ટ શાખાઓને ફાટેલી નોટોનો આરબીઆઇ (નોટ રિફન્ડ) ધરા હેઠળ નિકાલ કરવાની સત્તા પણ આપી છે.

2. નજીકના ભૂતકાળમાં જ અમે નવી નોટ અને સિક્કા ઉપલ્બધ કરવાનો માપદંડ પાર પાડયો છે. કરન્સી ચેસ્ટ દ્વારા તે અન્ય શાખાઓમાં પણ પ્રાપ્ય છે. આ ઉપરાંત ફાટેલી, રદ્દી થઇ ગયેલી નોટના નિકાલ માટે પણ અમે ખાસ આંતરિક માળખું તૈયાર કર્યું છે. કરન્સી વેરિફિકેશન એન્ડ પ્રોસેસિંગ સિસ્ટમ મારફત સુરક્ષા બંદોબસી હેઠળ ખરાબ નોટનો નાશ કરવામાં આવે છે.

3. જનતાને મોટા પાયે સેવા આપવાના હેતુથી આ નીતિ અપનાવી છે જેમાં (a) દરેક રકમની નવી / સારી ગુણવત્તાની નોટ અને સિક્કાઓ ગ્રાહકોની માંગને પહોંચી વળવું. (b) ખરાબ નોટને બદલાવવી (c) ફાટી ગેયલી નોટનો નિકાલ અને (d) સિક્કાઓ અને નોટ વિનિમય કે એકસચેન્જ માટે સ્વીકારવા. એવું નક્કી કરવામાં આવ્યું છે કે દેશનીદરેક કરન્સી ચેસ્ટ મેન્ટેનિંગ બેન્કો આ સેવા પૂરી પાડશે. આ માટે તેણે આરબીઆઈની રિજિયોનલ ઓફિસનો સંપર્ક સાધવાની જરૂર નથી. હું વિનંતી કરૂં છું કે, તમારી શાખામાં આ સુવિધા છે તે વિશેની પૂરતી માહિતી વિશાળ જનસમુદાય સુધી પહોંચાડવી.

4. રસીદ મોકલવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(પી. કે. બિશ્વાસ)